# ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, ડભોઈ ખાતે એક દિવસીય તાલીમનું આયોજનકરવામાં આવ્યું

ડાંગર સંશોધન કેન્દ્ર, આણદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, ડભોઇ ખાતે ચાલતી સરદાર સરોવર યોજના અંતર્ગત તા. ૧૨/૦૨/૨૦૨૧ ના રોજ કેન્દ્ર ખાતે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિટ વડાશ્રી એ જી. પંપાણીયા સાહેબએ સંશોધન કેન્દ્ર વિશે માહિતગાર કર્યા તથા નિદર્શનનું મહત્વ સમજાવ્યુ. ખેતી અધિકારીશ્રી ડી. કે. રાઠવા દ્વારા પાક સંરક્ષણ વિશે માહિતી આપી અને સજીવ ખેતી કરવા માટે ખેડુત મિત્રોને પ્રેરીત કર્યા. સિનીયર રીસર્ચ ફેલો ડો. વિપુલ પટેલએ ઉનાળુ મગની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તથા નિદર્શનની રીત સમજાવી અને જૈવિક ખાતરની ઉપયોગિતા પર વિસ્તારપૂર્વકમાહિતી આપી. ખેડૂતભાઇઓને ઉનાળુ મગ નિદર્શન કીટ જેવી કે, અળસીયાનું ખાતર, જૈવિક ખાતર અને મગની જાત GAM-5નું વીતરણ હાથ ધરવામાં આવ્યુ હતું.







